# BUSINESS મિત્ર

**CAS બાદ પ્રથમ એક્સપાયરીએ શેરબજાર પલટાયું, સેન્સેક્સ નીચેથી 530 પોઇન્ટ રીકવર**

# રેડ ઝોનમાંથી ઉગરીને સેન્સેક્સ-નિફ્ટી ગ્રીન ઝોનમાં બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: મીડલ ઈસ્ટ તણાવમાં વધી રહેલા ઘર્ષણ સામે અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદવાના અહેવાલની પાછળ આજે ભારતીય શેરબજાર દિવસભર દબાણ હેઠળ રહ્યું હતુ, પરંતુ આજે નિફ્ટી ઓગસ્ટ એક્સપાયરીના પગલે ક્લોઝીંગ ઓકશન સેશન-સીએએસના લીધે શેરબજાર પલટાઇ ગયું હતું. જેમાં સેન્સેક્સ નીચેથી 530 પોઇન્ટ રીકવર થઇ ગયો હતો, જ્યારે નિફ્ટીએ 24300 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. જોકે, બેન્ક નિફ્ટી સપાટ પણ નેગેટિવ બંધ રહી હતી.

ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ચાલુ રહ્યો છે, જેમાં અમેરિકા વધુ આગળ વધીને ઈરાન પર પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી દીધી છે, તેથી આ તણાવ વધુ ગંભીર બનશે. જોકે, ક્રુડ ઓઇલના ભાવ વધવાના બદલે ઘટ્યા હતા, જે 90 ડોલરની નીચે ઉતરી ગયા હતા. એટલે આની અસર પડી નહતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ઈરાનની ઓઇલ, ડિજિટલ સંપત્તિ, ટેકનોલોજી, સોનુ, ઉડ્ડયન અને શીપીંગ ક્ષેત્રો પર પ્રતિબંધની જાહેરાત કરી છે. એટલું જ નહીં, ઈરાનને સપોર્ટ આપનારા દેશો સામે પણ કાર્યવાહી કરાશે. બીજી તરફ, ઈરાને ડોલર સીસ્ટમમાંથી ખસી જવાની ચેતવણી આપી છે. આમ છતાં, બંને દેશો તરફથી ધમકીઓ વચ્ચે બજારમાં કોઇ મોટા પ્રત્યાઘાત પડયા નથી.

બીએસઇ સેન્સેક્સ 286.98 પોઇન્ટ એટલે કે 0.37 ટકા વધીને 77656.09 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77666 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 77125 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 115.50 પોઇન્ટ એટલે કે 24300 પોઇન્ટની સપાટી કુદાવીને 24334.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24334 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24115 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 11.75 પોઇન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 57514.20 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ગ્લેક્સો સ્મીથ ફાર્મામાં 12.83 ગણા, કોરોમાંડલ ઈન્ટરનેશનલમાં 12.11 ગણા, રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઇઝર્સમાં 10.77 ગણા, આઇઆઇએફએલ ફાઇ.માં7.04 ગણા અને પેરાદીપ ફોસ્ફેટસમાં 6.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફર્ટીલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ ત્રાવણકોરમાં 208.35 ગણા, પેરાદીપ ફોસ્ફેટસમાં 18.9 ગણા, ચાલેટ હોટલ્સમાં 9.31 ગણા, ઝડએફ કોર્મશીયલ વ્હીકલ્સમાં 8.67 ગણા અને ચંબલ ફર્ટીલાઇઝર્સમાં 6.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નીચલા સ્તરેથી ખરીદીએ સુધારો રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.37 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.17 ટકા વધ્યો હતો. જોકે, બ્રોડર માર્કેટ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2105 શેરો વધ્યા હતા, જ્યારે 2218 શેરો ઘટ્યા હતા, અને 202 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન અને અમેરિકાની સામસામી ધમકીઓની વૈશ્વિક બજારોમાં બેઅસર રહી હતી. જેના પરિણામે યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે. જ્યારે એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. એનવીડિયાની કમાણી, યુએસ ફુગાવાના ડેટા અને ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શના ભાષણ ઉપર ફોકસ રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.14 ટકા, કેક 0.35 ટકા અને ડેક્સ 0.82 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.44 ટકા, સ્ટ્રેઇટસ 0.96 ટકા, તાઈવાન 0.90 ટકા, કોસ્પી 0.68 ટકા, શાંઘાઇ 0.19 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.02 ટકા ઘટ્યા હતા.

## રૂપિયામાં ઝડપી રીકવરી, 34 પૈસા મજબૂત થયો

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.41 રૂ. |
| યુરો | 110.94 રૂ. |
| પાઉન્ડ | 130.69 રૂ. |
| યેન | 0.6991 રૂ. |

ઇરાન-અમેરિકાની સામસામી ધમકીઓ વચ્ચે ક્રુડ ઓઇલના ભાવમાં ત્રણ ટકાનો ઘટાડો થતાં રૂપિયામાં ઝડપી રીકવરી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 34 પૈસા મજબૂત થઇને 95.50ની નીચે સરકીને 95.41ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.75ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.94, પાઉન્ડ 130.69, કેનેડિયન ડોલર 68.64, ઓસ્ટ્રેલિયન ડોલર 68.69, જાપાનીઝ યેન 0.5991, સીંગાપોર ડોલર 75.12ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 286.98 | 77656.09 |
| નિફ્ટી | 115.50 | 24334.55 |
| બેન્ક નિફ્ટી | -11.75 | 57514.20 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 3.72 | 3110.00 |
| મેક્સ હેલ્થકેર | 2.57 | 1016.00 |
| અપોલો હોસ્પિટલ | 2.15 | 8889.00 |
| ઇન્ટરગ્લોબ | 2.01 | 5218.00 |
| અદાણી પોર્ટસ | 1.83 | 1702.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી લાઇફ | 1.13 | 546.70 |
| સીપલા | 1.11 | 1422.00 |
| ઓએનજીસી | 1.08 | 234.00 |
| કોલ ઇન્ડિયા | 0.71 | 404.00 |
| હિન્દાલ્કો | 0.70 | 1051.05 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 2.05 | 5220.00 |
| અદાણી પોર્ટસ | 1.19 | 1695.00 |
| ઇન્ફોસીસ | 1.15 | 1143.00 |
| ટ્રેન્ટ | 1.10 | 2929.00 |
| ટાઇટન કંપની | 0.98 | 5115.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.85 | 325.20 |
| એચસીએલ ટેકનો | 0.68 | 1312.00 |
| પાવરગ્રીડ | 0.53 | 270.00 |
| બજાજ ફિનસર્વ | 0.29 | 1996.00 |
| એચડીએફસી બેન્ક | 0.26 | 726.60 |

# FSSAIની નોટિસ બાદ અનેક અગ્રણી બ્રાન્ડ દ્વારા જાહેરાત પાછી ખેંચવામાં આવી

**નોટિસ** બાદ મોંઘા દાવા અને પ્રોડક્ટ્સ પાછી ખેંચવા ફૂડ બ્રાન્ડ્સ મજબૂર

મુંબઇ, 25: ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા ગેરમાર્ગે દોરતા આરોગ્ય, પોષણ, વેપાર અને ઉત્પાદન દાવાઓ માટે નોટિસ જારી કર્યા બાદ, ઘણી ફૂડ કંપનીઓએ સુધારાત્મક પગલાં લીધા છે. આ કંપનીઓએ ગેરમાર્ગે દોરતા દાવાઓ દૂર કરવા, જાહેરાતો પાછી ખેંચવા, ઉત્પાદનોને સૂચિબદ્ધ કરવા અને પેકેજિંગમાં ફેરફાર કરવા જેવા પગલાં લીધા છે જેથી ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન સુનિશ્ચિત થાય.

FSSAIએ જણાવ્યું હતું કે ખાદ્ય ઉત્પાદન લેબલ અને પ્રમોશનલ સામગ્રીમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા કોઈપણ દાવા ન હોવા જોઈએ. નિયમનકારના જણાવ્યા અનુસાર, નોટિસ જારી કર્યા પછી, ઘણા મોટા ફૂડ બિઝનેસ ઓપરેટરોએ તાત્કાલિક પગલાં લીધા છે અને તેમના ઉત્પાદનો અને માર્કેટિંગ સામગ્રીમાં જરૂરી ફેરફારો કર્યા છે.

FSSAI એ અહેવાલ આપ્યો છે કે મોન્ડેલેઝ ઇન્ડિયા ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડના કેટલાક ઉત્પાદનો પર ગેરમાર્ગે દોરનારા આરોગ્ય અને પોષણ તુલનાત્મક દાવાઓ મળી આવ્યા છે.

નોટિસ બાદ, કંપનીએ ઇ-કોમર્સ પ્લેટફોર્મ પરથી સંબંધિત દાવાઓ અને જાહેરાતો દૂર કરી અને નિયમો અનુસાર જરૂરી સુધારા કર્યા. તેવી જ રીતે સેપિયન્સ લેબ્સને પણ ગેરમાર્ગે દોરનારા દાવા અંગે નોટિસ જારી કરવામાં આવી હતી. કંપનીએ FSSAI ને જવાબ રજૂ કર્યો અને તેના ઉત્પાદન સંબંધિત તમામ દાવાઓ અને પ્રમોશનલ સામગ્રી પાછી ખેંચી લીધી.

FSSAIએ એમવે ઇન્ડિયા એન્ટરપ્રાઇઝ પ્રાઇવેટ લિમિટેડ સામે પણ કાર્યવાહી કરી હતી. કંપની તેના ઉત્પાદન "100 ટકા શુદ્ધ નાળિયેર તેલ" ના નામમાં "100 ટકા" શબ્દનો ઉપયોગ કરી રહી હતી. નિયમનકારે જણાવ્યું હતું કે આ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (જાહેરાત અને દાવાઓ) રેગ્યુલેશન્સ, 2018, અને ફૂડ પ્રોડક્ટ લેબલ અને પ્રમોશનલ સામગ્રી પર "100 ટકા" શબ્દનો ઉપયોગ બંધ કરવાની સલાહનું ઉલ્લંઘન કરે છે.

નોટિસ બાદ, એમવે ઇન્ડિયાએ એક અહેવાલ રજૂ કર્યો જેમાં પુષ્ટિ આપવામાં આવી હતી કે તેણે સ્વેચ્છાએ તેના ઉત્પાદન પેકેજિંગ અને પ્રમોશનલ સામગ્રીમાંથી "100 ટકા" શબ્દ દૂર કર્યો છે. કંપનીએ એમ પણ જણાવ્યું હતું કે જૂના સ્ટોકનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે અને સુધારેલા પેકેજિંગ સાથે નવા ઉત્પાદનો બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.

# વોડાફોન આઈડિયામાં રોકેટ જેવી તેજી

**ટોપ** ગેઇનર્સ બન્યો

**૧૫ની** સપાટી વટાવી, હવે ૨૦નો ટાર્ગેટ

મુંબઇ, તા. 25: વોડાફોન આઈડિયા આજના સેશનમાં ધમાકેદાર ઉછળ્યો હતો. જે આજે ટોપ ગેઈનર્સ બન્યો હતો. આજે ફરી એકવાર રૂ. 15ની સપાટી કુદાવી દીધી છે. આજે નિફ્ટી એક્સપાયરીએ વોડાફોન આઈડિયામાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જે છેલ્લા એક મહિનામાં 13 ટકા જેટલો ઉછળી ચુક્યો છે.

કંપનીના શેરની કિંમત રૂ. 11ને પાર કરી બાદ આ શેર એ પાછું વળીને જોયું નથી. અત્યારે કંપનીના શેરનો ભાવ રૂ. 15ની આસપાસ બોલાઇ રહ્યો છે, જે ટુંકસમયમાં રૂ. 20ને પાર કરી દેશે. જેની પાછળનું કારણ મીડિયા રિપોર્ટસ મુજબ એ છે કે, કંપનીને ટુંકસમયમાં એસબીઆઇ તરફથી ભંડોળ મળશે. જે કંપનીને બે બાબતો માટે ખુબજ જરૂરી હતી. આ ફંડથી કંપનીને વિસ્તરણ પરના ખર્ચની ચિંતામાંથી મુક્તિ મળશે. અને આ ભંડોળથી કંપનીની બેલેન્સશીટમાં પણ સુધારો થશે, તેની સાથે કેપેક્સની સ્થિતિ પણ સુધરશે. બ્રોકરેજ હાઉસ તરફથી પણ ઘણા અહેવાલો આવ્યા છે કે, ભંડોળના મોરચે આ પ્રગતિ શેર માટે ખૂબ સકારાત્મક રહેશે. આ સિવાય કંપનીને પ્રમોટર્સ દ્વારા સપોર્ટ કરવામાં આવી રહ્યો છે. એજીઆર તરફથી પણ રાહત મળી છે. કંપનીના કેપેક્સમાં ઘટાડો થવાના કારણે અન્ય કંપનીઓથી ઘણી પાછળ રહી ગઇ છે, પરંતુ હવે ધીમે ધીમે સ્થિતિ સુધરી રહી છે. સબસ્ક્રાઇબરની સ્થિતિમાં ઘટાડો અટકી ગયો છે અને ધીમે ધીમે તેમાં પણ સુધારો જોવા મળી રહ્યો છે. જેમાં ફેબ્રુઆરીમાં 22000થી વધુ, માર્ચમાં 1.02 લાખથી વધુ, એપ્રિલમાં 53000થી વધુ, મેમાં 1.21 લાખથી વધુ અને જુનમાં 1.63 લાખથી વધુ સબસ્ક્રાબર્સ ઉમેરાયા છે.

# સોનામાં સળંગ ચોથા દિવસે તેજી

નવી દિલ્હી, તા. 25 (PTI) સળંગ ચોથા દિવસે તેજીનો સિલસિલો જારી રાખતાં મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનું રૂ. 2,700 વધીને રૂ. 1,67,100 પ્રતિ 10 ગ્રામ થયું હતું. 99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ પીળી ધાતુ સોમવારે રૂ. 1,64,400 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી. જોકે, ટ્રેડરો દ્વારા નફો બુક કરવાને કારણે તેની ત્રણ-સેશનની તેજી પછી ચાંદી થંભી ગઈ હતી. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, આ વ્હાઈટ મેટલ અગાઉના રૂ. 2,53,500 પ્રતિ કિગ્રાના બંધ ભાવથી રૂ. 3,500 ઘટીને રૂ. 2,50,000 પ્રતિ કિલોગ્રામ (તમામ કર સહિત) થઈ હતી. જોકે, આંતરરાષ્ટ્રીય બજારોમાં બુલિયનના ભાવમાં તેના તાજેતરના કેટલાક વધારામાંથી ઘટાડો નોંધાયો હતો. બે દિવસ વધ્યા બાદ સ્પોટ ગોલ્ડ 11.87 યુએસ ડોલર અથવા 0.26 ટકા ઘટીને 4,639.51 યુએસ ડોલર પ્રતિ ઔંસ થયું હતું. ચાંદી પણ દબાણ હેઠળ રહી હતી અને સતત બીજા દિવસે ઘટીને 1.04 ટકાના ઘટાડા સાથે 67.88 યુએસ ડોલર પ્રતિ ઔંસ થઈ હતી.

# ખાંડની મીઠાશમાં મોંઘવારીની કડવાશ, ભાવ રૂ.64ની નજીક

**એક** મહિનામાં રૂ. 15નો વધારો; સરકારના પગલાં છતાં છૂટક બજારમાં ભાવ પર અસર હજુ દેખાઈ નથી

**સરકાર** ભાવ કાબૂમાં લેવા આયાત વધારશે

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઇ): છૂટક બજારમાં ખાંડના ભાવમાં મંગળવારે ફરી વધારો થયો હતો. ખાંડનો સરેરાશ ભાવ આશરે રૂ. 1 વધીને રૂ. 63.97 પ્રતિ કિલો થયો છે. એક દિવસ પહેલાં ભાવ રૂ. 63.05 હતો.

ઉપભોક્તા બાબતોના વિભાગના આંકડા મુજબ છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં 31 ટકાનો વધારો થયો છે. 25 જુલાઈએ ભાવ રૂ. 48.81 પ્રતિ કિલો હતો. એક વર્ષ પહેલાં ખાંડ રૂ. 46.31 પ્રતિ કિલોના ભાવે મળતી હતી, એટલે કે વાર્ષિક ધોરણે 38 ટકાનો વધારો થયો છે.

સરકાર અને ખાંડ ઉદ્યોગના સંગઠનોનું કહેવું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં મિલમાંથી નીકળતી ખાંડના ભાવમાં ઘટાડો થયો છે, પરંતુ તેની અસર છૂટક બજારમાં હજુ જોવા મળી નથી. સોમવારે ખાંડનો જથ્થાબંધ ભાવ રૂ. 59.23 પ્રતિ કિલો હતો, જે એક મહિના પહેલાં રૂ. 45.35 હતો જ્યારે એક વર્ષ પહેલાં ભાવ રૂ. 43.01 હતો.

ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા આયાત મંજૂર કરવા અને સંગ્રહખોરી તથા સટ્ટાખોરી સામે કાર્યવાહી બાદ મિલ-ગેટ ભાવ 18 ટકા ઘટીને રૂ. 55 પ્રતિ કિલો થયો છે.

# હિન્દુસ્તાન કોપર રૂ. 514ના ભાવે ઓએફએસની જાહેરાતે તૂટયો

**કંપનીના** શેરમાં ચાલુ વર્ષે 126 ટકાનો ઉછાળો જોવાયો, રિટેલ રોકાણકારો માટે આજે ખુલશે

મુંબઇ, તા. 25: 2026ના વર્ષમાં 126 ટકા જેટલો ઉછળી ચુકેલા હિન્દુસ્તાન કોપરમાં ભારત સરકાર ઓપન ફોર સેલ એટલે કે ઓએફએસ લાવવાની જાહેરાત કરી છે. જેના લીધે આજે હિન્દુસ્તાન કોપરમાં ખુલતાની સાથે જ વેચવાલી રહી હતી અને 7 ટકા જેટલો તૂટયો હતો. સરકારે ગઈકાલના બંધ ભાવથી 10 ટકા ડિસ્કાઉન્ટમાં એટલે કે રૂ. 514ના ભાવે ઓએફએસ ઓફર કરી રહી છે, જે 3 ટકા હિસ્સો વેચશે, જ્યારે ગ્રીન શૂ ઓપ્શનમાં વધુ ત્રણ ટકા હિસ્સો વેચશે. કુલ છ ટકા હિસ્સો વેચશે. છૂટક રોકાણકારો માટે આ ઓએફએસ 26મી ઓગસ્ટે ખુલશે. સરકાર ઓએફએસ દ્વારા હિન્દુસ્તાન કોપરમાં 3 ટકા હિસ્સો વેચી રહી છે. સરકારે 3 ટકા ગ્રીન શૂ ઓપ્શનનો વિકલ્પ રાખ્યો છે. જો ઓએફએસને રોકાણકારો તરફથી વધુ પ્રતિસાદ મળશે તો તેઓ ગ્રીન શૂ ઓપ્શનનો ઉપયોગ કરી શકે છે.

દિપમના સચિવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત સરકાર ઓએફએસ હેઠળ હિન્દુસ્તાન કોપરના 3 ટકા શેર વેચી રહી છે. ઓવરસબસ્ક્રિપ્શનના કિસ્સામાં ગ્રીન શૂ ઓપ્શનન હેઠળ વધારાના 3 ટકા શેર શેર વેચવાનો વિકલ્પ છે.

# ભારતે અમેરિકા પાસેથી LPG, LNGની ખરીદીમાં તીવ્ર વધારો કર્યો

**યુદ્ધના** કારણે મધ્ય પૂર્વના દેશોમાંથી પુરવઠો ખોરવાતા ભારતે અમેરિકા પરની નિર્ભરતા વધારી

**જુલાઇમાં** ભારતની કુલ એલપીજી આયાતમાંથી ૭૩ ટકા આયાત અમેરિકામાંથી થઇ

નવી દિલ્હી, તા. 25(PTI): પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કારણે પરંપરાગત ગલ્ફ દેશોમાંથી પુરવઠો ખોરવાતા ભારતે અમેરિકા પાસેથી લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ(LPG) અને લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG)ની ખરીદીમાં તીવ્ર વધારો કર્યો છે, તેમ મેરીટાઈમ ઈન્ટેલિજન્સ ફર્મ 'કેપ્લર'ના ડેટા દર્શાવે છે.

કેપ્લરના ડેટા અનુસાર, ભારતે ઓગસ્ટમાં અમેરિકામાંથી આશરે 0.62 મિલિયન ટન LPGની આયાત કરી હતી, જે જુલાઈમાં કરાયેલી 0.89 મિલિયન ટનની આયાત ઉપરાંતની છે. આ જથ્થો દેશની કુલ LPG આયાતના 73 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

# NSEના શેરને પોતાના એક્સચેન્જમાં ટ્રેડિંગ માટેની મંજુરી મળી શકે

**એનએસઇને** વેપાર કરવાની મંજુરી કેટેગરીમાં સુચિબદ્ધ કરાશે, તો બીએસઇની આવકને મોટો ફટકો પડી શકે

મુંબઇ, તા. 25: બીએસઇનો શેર છેલ્લા એક મહિનાથી સતત ઘટતો જોવા મળી રહ્યો છે. જે લગભગ 7 ટકા જેટલો ઘટી ગયો છે, આ ઘટાડા પાછળના કારણમાં અનેક કારણોએ અનિશ્ચિતતા પેદા કરી રહ્યા છે. જેમાં નિયમનકારી પડકારો ઉપરાંત નવી ક્લોઝીંગ ઓકશન સીસ્ટમ-સીએએસના લીધે ટ્રેડિંગ પ્રવૃત્તિને અસર કરી રહી છે. આ બંને સમસ્યાઓથી ઝઝુમી રહેલા બીએસઇ માટે નવો પડકાર આવી રહ્યો છે, જેમાં એનએસઇ તેના શેરને એનએસઇ પર લિસ્ટ કરી શકે છે.

જો એનએસઇના શેરનું ટ્રેડિંગ એનએસઇ પ્લેટફોર્મ ઉપર થશે તો બીએસઈની આવકને સીધો ફટકો પડશે.

જેની અસર આવક પર પડશે, જે આવનારા દિવસોમાં બીએસઈના શેરની કિંમતમાં જોવા મળી શકે છે.

અહેવાલો અનુસાર એનએસઇ બીએસઈમાં લિસ્ટેડ થયા બાદ તેના શેરનો એનએસઇના પોતાના શેરબજારમાં પણ વેપાર થઇ શકે છે. એનએસઈને વેપાર કરવાની મંજુરી કેટેગરી હેઠળ સુચિબદ્ધ કરી શકાય છે.

પીએલ કેપિટલનું કહેવું છે કે, જો એનએસઈ તેના પોતાના એક્સચેન્જમાં તેના શેરની સુચિ બનાવે છે, તો બીએસઈ નાણાકીય વર્ષ 2027નો નફો લગભગ એકથી બે ટકા ઘટી શકે છે. આ અંદાજ એવી ધારણા પર આધારિત છે કે રોકડ બજારમાં બીએસઈનો હિસ્સો વધુ વધશેનહીં.

ક્લોઝિંગ ઓકશન સીસ્ટમની રજૂઆત પછી ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો છે. કારણ કે વેપારીઓ હજુય પણ નવી સીસ્ટમ શીખી રહ્યા છે અને તે મુજબ ચાલી રહ્યા છે કેશ બજારમાં ટ્રેડિંગમાં બીએસઈનો મજબૂત હિસ્સો નથી, પણ ડેરિવેટિવ્ઝમાં મોટો હિસ્સો ધરાવે છે. જેથી કેશ માર્કેટ બીએસઈ માટે નબળું પાસું રહ્યું છે.

**સુડોકુ ૯૨૬૮**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૭ | ૪ | | ૮ | ૯ | ૧ | |
| | ૪ | | | ૫ | | ૩ | | |
| ૫ | | ૩ | ૨ | | ૯ | ૭ | | ૪ |
| ૬ | | ૮ | ૯ | | | | ૫ | |
| | | ૧ | | | ૫ | | | ૯ |
| | ૯ | ૫ | ૬ | ૧ | | ૨ | ૩ | ૮ |
| | ૮ | ૬ | ૫ | | | | | ૩ |
| ૧ | | | ૮ | | ૩ | ૫ | | ૬ |
| ૩ | | | | ૪ | ૬ | ૮ | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### બાળકને તાવ

પદ્મકાષ્ઠ, લીમડાની છાલ, ધાણા, ગળો અને રક્ત ચંદન સરખા ભાગે લઈ, યવ કુટ ચૂર્ણ કરવું. આમાંથી બે ચમચી ભૂકો લઇ, ચાર કપ પાણીમાં ઉકાળીને એક કપ થાય ત્યારે ગાળી લઇ તેમાં બે ભાગ કરી, માતાને સવાર, સાંજ આપવો તેથી બાળકનો તાવ સારો થશે.

# ગુગલ પ્લે સ્ટોર પરથી ત્રણ નકલી લોન એપ્સ હટાવી દેવાઈ

**ડેટા ચોરી** અને ભારે વ્યાજ વસુલવાની ફરિયાદો પર કાર્યવાહી હાથ ધરવામાં આવી

નવી દિલ્હી, તા. 25: કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ફરિયાદના આધારે ગુગલ પ્લે સ્ટર પરથી વધુ ત્રણ નકલી લોન એપ્સ હટાવી દીધી છે. આ મહિને અત્યાર સુધીમાં આવી 9 ફ્રોડ એપ્સ બંધ કરવામાં આવી ચે. આ એપ્સ માત્ર તમારી પર્સનલ માહિતીની ચોરી જ નથી કરતી, પરંતુ લોન આપ્યા પછી તમને ખુબ વ્યાજ અને પરેશાન પણ કરે છે. ગૃહ મંત્રાલયની સાયબર સિક્યોરિટી ટીમે 19 ઓગસ્ટે ગુગલને નોટિસ મકલી ત્રણ નકલી લોન એપ્લિકેશનને તાત્કાલિક દુર કરવા જણાવ્યું હતું. આ ત્રણ એપ્સના નામ હોરિઝોન કેશ સર્વિસ, મની સ્કોર મોનિટર અને જેલી ક્રેડિટ છે. જેમાં એવો આક્ષેપ કરાયો છે કે, આ એપનો ઉપયોગ ઓછા વ્યાજ પર 5 મિનિટમાં લોન આપવાની લાલચ આપીને લોકોને ફસાવતી હતી અને બાદમાં તેમની પાસેથી ભારે વ્યાજ અને દંડ વસુલવામાં આવે છે.

એટલું જ નહીં, યુઝે ફોનમાં આ એપ્સ ડાઉનલોડ કરી કે તરત જ આ એપ્સ ગુપ્ત રીતે ફોનની તમામ માહિતી ચોરી કરી લે છે. સરકારી એજન્સીએ ગુગલને નોટિસ મળ્યાના માત્ર ત્રણ કલાકની અંદર પ્લે સ્ટોરમાંથી આ ત્રણેય એપ્સ હટાવવાનો આદેશ આપ્યો હતો. આઈટી એક્ટની કલમો હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૭૧૦૦ |
| એમ-30 | ૭૦૦૦ |
| એસ-30 | ૬૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૬૯૦૦ |
| એસ-30 | ૬૮૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૯૮૦ |
| તેજાબી સોનું | ૧૬૫૮૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૬૮૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૬૨૬૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૯૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૮૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૯૮૦૦ |

## આજનું પંચાંગ

**તા. 26/08/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ: તેરસ: 08:00 પછી ચૌદસ-બુધ પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 04
**યોગ :** સૌભાગ્ય **કરણ:** ગર
**નક્ષત્ર :** શ્રવણ:- 24:48
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** મિશ્ર- ઓનમ- થીરુ-કેરાલા, ઈદ-મિલાદ-મુ
**સુરતમાં સૂર્યોદય :** 06:22 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:10
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુકાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નવી નોકરીની તલાશ પૂર્ણ થાય. કેરીયરમાં નવી તકો ઊભી થાય. ધંધા માટે નવી યોજનામાં વડીલોનો સાથ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** પાર્ટી-પિકનીકની યોજના મિત્રો સાથે થાય. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. બૌદ્ધિક કાર્ય સફળ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ગુસ્સા અને વાણી પર કાબૂ રાખવો. અણગમતા સમાચાર મળે. સરકારી નોકરિયાતોની દોડધામ વધશે.

**કર્ક (ડ,હ,):** હરીફો અને સહકર્મીઓ સાથે વિવાદમાં સમયનો બગાડ કરવો નહીં. રોજના કામમાં સફળતાનો અનુભવ થાય.

**સિંહ (મ,ટ,):** આરોગ્ય નબળું રહે. કામનો બોજ વધે. સરકારીમાં નોકરીની નવી જવાબદારી સ્વીકારવી પડે. ખર્ચા વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** મિત્રોની મદદથી આવક વધારવાની યોજના બને. પ્રેમમાં સાથ મળે. મોજ-શોખના ધંધામાં આવક વધે.

**તુલા (ર,ત,):** સામાજિક કાર્ય સફળ રહેશે. નોકરી-ધંધા માટે પ્રવાસ અનુકુળ રહે. હાથ પરનાં કામ પાર પડશે.

**વૃશ્ચિક (ન,ય,):** રાજકારણમાં મદદ મળે. પ્રવાસના ધંધામાં સાવધાની રાખવી. અટકેલા નાણાં છૂટા થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાણી-પીણી, પારિવારિક, મોજશોખ, માર્કેટીંગ જેવા ધંધામાં લાભ થાય. પારિવારિક પ્રશ્નો સતાવે.

**મકર (ખ,જ,):** આરોગ્ય સુધરે. આવક વધે. નોકરીમાં નવી જવાબદારી મળે. દાંપત્યમાં તાલમેળ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અંગત જીવન રસિક બને. આવક કરતાં ખર્ચા વધે. વિદેશથી શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના સ્ત્રી મિત્રોનો સાથ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. અચાનક કોઈની મુલાકાતથી ખુશી મળે.

## કોઈ પણ સાલમાં 26 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ચડતી-પડતી, સંઘર્ષ અને નવી જવાબદારી તથા કાર્યબોજ વધારનાર રહેશે. આરોગ્ય નરમ-ગરમ રહે. અચાનક હરીફો તરફથી હેરાનગતિના અનુભવો વધશે. સમાજના અશાંતિ રહે. પરિવારમાં તાલમેળ રાખવો પડે. નોકરી ધંધામાં ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડે. સરકારી નીતિથી અશાંતિ પેદા થશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાની રાખવી અને કોઈની વાતોમાં આવવું નહી. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશના કામ ધીમા પડે. ઉઘરાણીની ચિંતા સતાવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોની મદદથી સફળતા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર- જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર-શનિવાર, 08,17,26 તારીખે નવા કામ કરવાં. કાળો-નીલો રંગ વાપરવો. માર્ચ-એપ્રિલ-બુધવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. લીલો-સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરવા.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

**નરેશ / મુકેશ ઘીવાળા**
**૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |